# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આગામી પેઢીના સુધારા માટેની કાર્યયોજનાની સમીક્ષા કરવા એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી.

2) ચીનના વિદેશ મંત્રી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ વચ્ચે આજે સરહદ મુદ્દા પર 24માં તબક્કાની વાટાઘાટો યોજાશે.

3) આજે કર્ણાટક, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને ગોવામાં ભારે વરસાદનું રેડ એલર્ટ.

4) યુક્રેન, અમેરિકા અને યુરોપિયન દેશો વચ્ચેની બેઠક પૂર્ણ – ટ્રમ્પ પુટીન અને ઝેલેન્સકી વચ્ચે ત્રિપક્ષીય બેઠક યોજાશે.

5) 16મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતે પહેલા દિવસે બે સુવર્ણ અને ત્રણ રજત ચંદ્રક જીત્યા.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-HIGH LEVEL MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી જેમાં જીવનશૈલીમાં સરળતા લાવવા, વ્યવસાય કરવામાં સરળતા લાવવા અને સમાવેશી સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટેના પગલાંને વેગ આપવાના હેતુથી આગામી પેઢીના સુધારાઓ માટેના કાર્યયોજનાની સમીક્ષા કરવામાં આવી હતી.

અધિકારીઓએ પ્રધાનમંત્રીને શાસનને સરળ બનાવવા, આર્થિક વિકાસને વેગ આપવા અને નાગરિકોને આ પગલાંનો સીધો લાભ મળે તે સુનિશ્ચિત કરવા માટે આયોજિત પગલાંઓ વિશે માહિતી આપી હતી.

બેઠક પછી, પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું કે સરકાર જીવનશૈલીમાં, વ્યવસાય કરવામાં સરળતા લાવવા અને સમાવેશી સમૃદ્ધિને પ્રોત્સાહન આપવાના હેતુથી તમામ ક્ષેત્રોમાં સુધારાઓ ઝડપથી અમલમાં મૂકવા માટે પ્રતિબદ્ધ છે.

ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી, કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, નાણાંમંત્રી નિર્મલા સીતારમણ અને વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ બેઠકમાં હાજર રહ્યા હતા. આ ઉચ્ચ સ્તરીય બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય દેશની અર્થવ્યવસ્થાને મજબૂત કરવા, માળખાગત સુવિધાઓ સુધારવા અને વહીવટને મજબૂત બનાવવા માટે રણનીતિ તૈયાર કરવાનો હતો.

# CHINA-FM-DOVAL-TALKS

ચીનના વિદેશ મંત્રી વાંગ યી આજે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે સરહદ મુદ્દા પર ખાસ પ્રતિનિધિઓની 24માં તબક્કાની વાટાઘાટો કરશે.

ચીનના વિદેશ મંત્રી આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પણ મળશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સાથેની બેઠકમાં સરહદની સ્થિતિ, વેપાર અને ફ્લાઇટ સેવાઓ ફરી શરૂ કરવા સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે આ બેઠકને મહત્વપૂર્ણ ગણાવતા કહ્યું તણાવ ઓછો કરવાની પ્રક્રિયા આગળ વધે તે ખૂબ જરૂરી છે.

# EAM-TERRORISM

વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે વર્તમાન આંતરરાષ્ટ્રીય વાતાવરણમાં, વૈશ્વિક અર્થતંત્રમાં સ્થિરતા સાથે વિકાસ જરૂરી છે. તેમણે કહ્યું કે ભારત એક ન્યાયી, સંતુલિત અને બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થાના પક્ષમાં છે- સુધારેલ બહુપક્ષીયતાએ સમયની જરૂરિયાત છે.

ગઇકાલે ડૉ. જયશંકરે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે યોજીલી બેઠકમાં ભાર મૂક્યો કે તમામ પ્રકારના આતંકવાદ સામેની લડાઈ ભારતની પ્રાથમિકતા છે. બંને નેતાઓ વચ્ચે આર્થિક અને વેપાર સંબંધો, યાત્રાધામો, લોક સંપર્કો, નદી ડેટા શેરિંગ અને દ્વિપક્ષીય આદાનપ્રદાન સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ. ડૉ. જયશંકરે કહ્યું કે ભારત-ચીન સંબંધો પરસ્પર આદર, સંવેદનશીલતા અને

પરસ્પર હિત દ્વારા સંચાલિત હોવા જોઈએ મતભેદો વિવાદોમાં ન ફેરવવા જોઈએ અને સ્પર્ધા સંઘર્ષમાં ન ફેરવવી જોઈએ.

## DELHI

ઉપરાજયપાલ વિનય કુમાર સક્સેનાએ દિલ્હી સરકારના દિલ્હી સ્કૂલ એજ્યુકેશન (ફી નિર્ધારણ અને નિયમનમાં પારદર્શિતા) અધિનિયમ, 2025 ને મંજૂરી આપી દીધી છે.

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ માહિતી આપી છે કે મંજૂરી મળ્યા બાદ સરકારે તેને સૂચિત કરી દીધું છે. આ બિલ 8 ઓગસ્ટના રોજ ચોમાસા સત્ર દરમિયાન દિલ્હી વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત છે એક અહેવાલ....

(V/C: આદર્શ)

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે કર્ણાટક, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ અને ગોવામાં ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યું છે. વિભાગે છત્તીસગઢ, કેરળ, માહે, તેલંગાણા અને વિદર્ભમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી પણ કરી છે.

હવામાન વિભાગે વધુમાં જણાવ્યું કે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, પૂર્વ રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ સહિત ઉત્તરપૂર્વ ભારતમાં પણ ભારે વરસાદની શક્યતા છે.

આજે મધ્યપ્રદેશ, મરાઠવાડા, ઓડિશા અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે.

દરમિયાન,મૂંબઈમાં ગઇકાલે ભારે વરસાદ નોંધાયો છે. સાંભળીએ અમારા સંવાદદાતનો અહેવાલ

(V/C- SWEETY JAIN, MUMBAI)

# ANDHRA-PRADESH-RAIN

બંગાળની ખાડી, ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે બનેલું હવાનું નીચું દબાણ ગઈકાલે રાત્રે વધુ તીવ્ર બની ઊંડા ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું છે. સર્જાયેલુ આ ચક્રવાત આજે સવારે દક્ષિણ ઓડિશાના ગોપાલપુર નજીક દરિયાકાંઠેથી પસાર થવાની સંભાવના છે.

તેના કારણે દરિયાકઠા વિસ્તારોમાં 60 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. ચક્રવાતને કારણે અલ્લુરી, એલુરુ અને એનટીઆર જિલ્લામાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ અને અન્ય જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને ચેતવણી આપવામાં આવી છે જ્યારે માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

# J&K DEATH TOLL

જમ્મુ અને કાશ્મીરમાં, કિશ્તવાડ જિલ્લાના ચિસોટી ગામમાં બચાવ અને રાહત કામગીરી ગઈકાલે સતત પાંચમા દિવસે પણ ચાલુ રહી હતી.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ મૃત્યુઆંક 62 પર પહોંચી ગયો છે, 41 લોકો ગુમ છે, જેઓ કાટમાળ નીચે ફસાયેલા હોવાની આશંકા છે. બચાવ ટીમોએ મૃતકોની સંખ્યા વધુ વધવાની સંભાવના વ્યક્ત કરી છે. દરમિયાન,સેનાએ અસરગ્રસ્ત સ્થળે બેલી બ્રિજનું બાંધકામ પૂર્ણ કર્યું છે, જે બચાવ કામગીરીને ઝડપી બનાવવામાં અને માણસો અને મશીનરીની સરળ અવરજવર સુનિશ્ચિત કરવામાં મદદરૂપ બની રહ્યો છે

બચાવ ટીમો, સ્થાનિક સ્વયંસેવકો અને રાહત એજન્સીઓ ખોરાક, પાણી અને તબીબી સહાય પૂરી પાડી રહ્યા છે. અધિકારીઓએ ખાતરી આપી છે કે કામગીરીને વધુ તીવ્ર બનાવવા અને પીડિતો અને તેમના પરિવારોને સંપૂર્ણ સહાય પૂરી પાડવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# TRUMP ZELENSKYY MEETING

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ યુક્રેન યુદ્ધનો અંત લાવવા રશિયા અને યુક્રેનના રાષ્ટ્રપ્રમુખો વચ્ચે રૂબરૂ મુલાકાતનું આયોજન કરશે. શ્રી ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું કે, તેમણે ગઈકાલે રાત્રે વ્હાઇટ હાઉસ ખાતે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકી અને અન્ય યુરોપિયન નેતાઓ સાથે બેઠક બાદ રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે વાત કરી હતી. શ્રી ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે રાષ્ટ્રપ્રમુખ પુતિન અને રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકી વચ્ચે બેઠકની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સ્થળ પછીથી નક્કી કરવામાં આવશે. શ્રી ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ પુતિન-ઝેલેન્સકી વાટાઘાટો પછી ત્રિપક્ષીય બેઠકમાં પણ હાજરી આપશે. તેમણે કહ્યું હતું કે યુએસ ઉપ-રાષ્ટ્રપ્રમુખ જે.ડી. વાન્સ અને વિદેશ સચિવ માર્કો રુબિયો અને ખાસ દૂત સ્ટીવ વિટકોફ આ સંદર્ભમાં રશિયા અને યુક્રેન સાથે સંકલન કરી રહ્યા છે.

રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકી અને યુરોપિયન નેતાઓ સાથેની મુલાકાત દરમિયાન, શ્રી ટ્રમ્પે રાષ્ટ્રપ્રમુખ પુતિનને ફોન કર્યો હતો જેમાં શ્રી પુતિને શ્રી ઝેલેન્સકીને મળવા તૈયારી દર્શાવી હતી

ગઈકાલે, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઇટ હાઉસ ખાતે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકી, બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટારમર, ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન, ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની, જર્મન ચાન્સેલર, નાટો અધ્યક્ષ અને યુરોપિયન કમિશનના પ્રમુખ સાથે મુલાકાત કરી હતી. બેઠકમાં યુક્રેન માટે સુરક્ષા, ગેરંટી અને યુરોપિયન દેશો દ્વારા અમેરિકા સાથે સંકલનમાં યુક્રેનને આપવામાં આવતી ગેરંટીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# SHOOTING-GOLD

16મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભારતના ગિરીશ ગુપ્તાએ 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક અને દેવ પ્રતાપે રજત ચંદ્રક જીત્યો છે.

ગિરીશે ફાઈનલમાં 241.3 પોઈન્ટ અને દેવ પ્રતાપે 238.6 પોઈન્ટ મેળવ્યા હતા. ભારતે પહેલા દિવસે બે સુવર્ણ અને ત્રણ રજત ચંદ્રક જીત્યા હતા. જુનિયર મેન્સ એર પિસ્તોલમાં કપિલ બૈંસલાએ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. કપિલે સિનિયર અને જુનિયર મેન્સ ટીમ સ્પર્ધામાં પણ રજત ચંદ્રક જીત્યા હતા.

અગાઉ, કપિલે 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં ભારતને પહેલો સુવર્ણ ચંદ્રક અપાવ્યો હતો. ભારતના જોનાથન ગેવિન એન્ટનીએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. કપિલ, જોનાથન અને વિજય તોમરની ટીમે રજત ચંદ્રક જીત્યો હતો. સિનિયર મેન્સ કેટેગરીમાં, અનમોલ જૈન, આદિત્ય માલરા અને સૌરભ ચૌધરીની ટીમે રજત ચંદ્રક જીત્યો હતો. ચેમ્પિયનશિપના બીજા દિવસે આજે મહિલા એર પિસ્તોલ ઇવેન્ટના ફાઇનલ મેચ યોજાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

- આજના તમામ અખબારોમાં ઝેલેંસ્કી યુદ્ધ રોકવા પુતિન સાથે વાતચીત માટે તૈયાર, મુંબઈમાં વરસાદથી જળબંબાકાર - વરસાદ માટેનું રેડ એલર્ટ જાહેર, ચીનના વિદેશ મંત્રી વાંગ યી ભારતની મુલાકાતે - આજે પ્રધાનમંત્રીએ સાથે મુલાકાત કરશે આ સમાચારોને મુખ્ય પાનાં પર પ્રકાશિત કરાયા છે.

- દિવ્ય ભાસ્કરની હેડ લાઇન છે, વિપક્ષ મુખ્ય ચૂંટણી કમિશનર સામે મહાભિયોગ લાવવાની તૈયારીમાં

- સંદેશ પ્રથમ પાને લખે છે ઝેલેન્સ્કી યુદ્ધ રોકવા પુતિન સાથે વાટાઘાટો કરવા તૈયાર:

- ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝેલેંસ્કી રશિયા સાથે યુદ્ધવિરામ માટે ત્રિપક્ષીય મંત્રણા કરશે - આ સમાચારને નવગુજરાત સમયે મુખ્ય પાને સ્થાન આપ્યું છે.

- આ ઉપરાંત પ્રદેશિક સમાચારોમાં, સુરતમાં કટરથી તિજોરી કાપીને **25** કરોડના હીરા-રોકડની ચોરી, **115 IPS**ની સમૂહીક બદલી આ સમાચારો મુખ્ય પાના પર પ્રકાશિત કરાયા છે.